Advocate
**B.K. RABADIA**
B.Sc. LLB
M: 98250 15215

Advocate
**SANJAY GOLAKIYA**
B.Com. LLB
M: 99250 15215

# BABULAL ASSOCIATES

LEGAL ADVISER
(Expert in Revenue)

તા.૨૩–૧–૨૦૧૮

## <u>ટાઈટલ સર્ટીફીકેટ</u>

ડીસ્ટ્રીકટ : સુરત, સબ–ડીસ્ટ્રીકટ તાલુકે : અડાજણ(સુરતસીટી)નાં મોજે: **વરીયાવ**નાં રે.સ.નં.૧૨૧૯/૨, **<u>બ્લોક નંબર : ૧૧૬૨ પૈકી ૨</u>** વાળી બિનખેતીની કુલ સુમારે ૩૦૯૨ ચો.મી. જમીન, જે ટી.પી.સ્કીમ નં.૩૭(વરીયાવ)નાં ફાયનલ પ્લોટ નં.૪૯ વાળી કુલ સુમારે ક્ષેત્રફળ ૨૦૧૦ ચો.મી. વાણિજયની બિનખેતીની જમીન અંગે ટાઈટલ સર્ટીફીકેટ.

ડીસ્ટ્રીકટ : સુરત, સબ–ડીસ્ટ્રીકટ તાલુકે : અડાજણ(સુરતસીટી)નાં મોજે: **વરીયાવ**નાં રે.સ.નં.૧૨૧૯/૨, **<u>બ્લોક નંબર : ૧૧૬૨ પૈકી ૨</u>** વાળી બિનખેતીની કુલ સુમારે ૩૦૯૨ ચો.મી. જમીન, જે ટી.પી.સ્કીમ નં.૩૭(વરીયાવ)નાં ફાયનલ પ્લોટ નં.૪૯ વાળી કુલ સુમારે ક્ષેત્રફળ ૨૦૧૦ ચો.મી. વાણિજય હેતુમાટેની બિનખેતીની જમીનના માલીક ***નિર્વા ડેવલોપર્સ***–એક ભાગીદારી પેઢીએ મજકુર જમીન અંગે ટાઈટલ સર્ટીફીકેટની માંગણી કરેલ છે.

**<u>નીચે જણાવ્યા મુજબનાં પુરાવાઓ મારી સમક્ષ રજૂ કરેલ છે. :–</u>**

(૧)... ડીસ્ટ્રીકટ : સુરત, સબ–ડીસ્ટ્રીકટ : અડાજણ(સુરતસીટી)નાં મોજે ગામ : વરીયાવનાં **<u>બ્લોક નંબર : ૧૧૬૨ પૈકી ૨</u>** વાળી બિનખેતીની જમીનની ગામ નમુના નં. ૭/૧૨ ની નકલ.

(૨)... મજકુર જમીનની ગામ નમુના નં.૮–અ ની નકલ.

(૩)... મજકુર જમીનની ગામ નમુના નં. ૬(હકકપત્રક) ની નકલો.

(૪)... મજકુર જમીનનાં બિનખેતીનાં હુકમની નકલ તથા મંજુર પ્લાનની નકલ.

(૫)... મજકુર જમીન અંગે મહે.સબ–રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં સને–૨૦૦૧થી આજદીન સુધીની સર્ચ લીધાની પહોંચની નકલો.



Scanned by CamScanner

ઉપરોકત જણાવેલા તમામ પુરાવાઓ ધ્યાનપુર્વક વંચાણે લીધા, જે ઉપરથી ફલીત થાય છે કે,....

ડીસ્ટ્રીકટ : સુરત, સબ–ડીસ્ટ્રીકટ તાલુકે : અડાજણ(સુરતસીટી)નાં મોજે ગામ : **વરીયાવ**નાં મુળ રે.સ.નં.૧૨૧૯/૨ વાળી જમીનનાં માલીક તરીકે ભગવતરાય જગન્નાથની માલીકી, કબજા, ભોગવટાની ચાલી આવેલી. મજકુર જમીન તથા અન્ય જમીનોમાં ગણોતીયા તરીકે મહે.મામતલદાર સાહેબનાં હુકમ આધારે (૧) ગુલાબભાઈ દુર્લભભાઈ (૨) અંબેલાલ દુર્લભભાઈ તથા (૩) ખંડુભાઈ દુર્લભભાઈનાં નામો દાખલ કરવામાં આવેલ. જે અંગેનાં ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે હકક પત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) નમુના નં.૬માં નોંધ નં.૮૫૩થી તા.૧–૧–૧૯૫૪નાં રોજ થયેલ. જે નોંધ તા.૨૭–૧–૧૯૫૪નાં રોજ પ્રમાણીત કરેલ.

મજકુર જમીનનાં ગણોતીયાઓ પૈકી ગુલાબભાઈ દુર્લભભાઈનું તા.૨૫–૫–૧૯૫૯નાં રોજ અવસાન થવાથી તેમનાં સીધીલીટીનાં વારસદારો તરીકે (૧) દોલતરાય ગુલાબભાઈ (૨) બળવંતરાય ગુલાબભાઈ તથા (૩) ઠાકોરભાઈ ગુલાબભાઈનાં નામો વારસાઈ હકકથી કબજેદારો તરીકે ગણોતીયાઓ તરીકે દાખલ કરવામાં આવેલા. જે અંગેનાં ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે હકક પત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) નમુના નં.૬માં નોંધ નં.૧૪૫૯થી તા.૬–૧૨–૧૯૫૯નાં રોજ થયેલ. જે નોંધ પ્રમાણીત કરેલ.

મજકુર જમીનનાં ગણોતીયાઓ પૈકી ખંડુભાઈ દુર્લભભાઈનું તા.૧૮–૪–૧૯૬૦નાં રોજ અવસાન થવાથી તેમનાં સીધીલીટીનાં વારસદારો (૧) તારાબેન તે ખંડુભાઈ દુર્લભભાઈની વિધવા (૨) ગુણવંતરાય ખંડુભાઈ (૩) ઉર્મિલાબેન ખંડુભાઈ તથા (૪) જસુબેન ખંડુભાઈ મળી કુલ ચાર વારસદારો હોય, જેથી વારસદારોએ આપેલા સંમતિ દર્શક જવાબ, પંચકયાસ આધારે સદરહુ જમીનોમાં એકત્ર કુટુંબનાં વહીવટકર્તા તરીકે જગમોહનરાય ખંડુભાઈનું નામ દાખલ કરવામાં આવેલ. જે અંગેનાં ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે હકક પત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) નમુના નં.૬માં નોંધ નં.૧૪૯૪થી તા.૨૦–૫–૧૯૬૦નાં રોજ થયેલ. જે નોંધ પ્રમાણીત કરેલ. મજકુર જમીનનાં ગામ દફતરે થયેલ ફેરફાર નોંધ નં. ૧૪૫૬ મહે.કલેકટરશ્રી, સુરતનાં હુકમ નં.: વતન/૧૬૧૮, તા.૧૫–૩–૧૯૬૧ની સુચના મુજબ રદ કરવામાં આવેલ. જે અંગેનાં ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે હકક પત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) નમુના નં.૬માં નોંધ નં.૧૫૬૭થી તા.૨૮–૬–૧૯૬૧નાં રોજ થયેલ. જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ. આમ, સદરહુ જમીનનાં સ્વતંત્ર માલીક તરીકે ભગવતરાય જગન્નાથ ચાલી આવેલા.

Scanned by CamScanner

મજકુર જમીન અંગે મહે.ખેતીની જમીનનાં ન્યાયાધીરણ સાહેબનાં હુકમ નં.: ૬૪૧/૬૫, તા.૨૫–૮–૧૯૬૫નાં હુકમથી નકકી કરેલ ખરીદ કિંમત રૂા.૪,૦૨૫/– પુરા વાર્ષિક બાર હપ્તે ભરપાઈ કરવાની શરતે (૧) દોલતરાય ગુલાબભાઈ (૨) ઠાકોરભાઈ ગુલાબભાઈ તથા (૩) બળવંતરાય ગુલાબભાઈએ ખરીદ કરેલ અને કબજેદાર તરીકે નામો દાખલ કરવામાં આવેલા.જે અંગેનાં ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે હકક પત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) નમુના નં.૬માં નોંધ નં.૨૧૧૮થી તા.૨૦–૧૨–૧૯૬૫નાં રોજ થયેલ. જે નોંધ તા.૩–૪–૧૯૬૬નાં રોજ પ્રમાણીત કરેલ.

મજકુર જમીનનાં ગણોતીયાએ સદરહુ જમીનની નકકી કરેલ ખરીદ કિંમત રૂા.૪,૦૨૫/–પુરાની પુરેપુરી રકમ ભરપાઈ કરેલ હોય, જેથી મહે.મામલતદાર સાહેબનાં ૩૨(એમ) ખરીદી પ્રમાણપત્ર અન્વયે મજકુ જમીનનાં માલીક અને કબજેદારો તરીકે (૧) દોલતરાય ગુલાબભાઈ (૨) ઠાકોરભાઈ ગુલાબભાઈ તથા (૩) બળવંતરાય ગુલાબભાઈનાં નામો દાખલ કરવામાં આવેલ, અને જમીન માલીકનો ખરીદ કિંમતનો બોજો કમી કરવામાં આવેલ. જે અંગેનાં ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે હકક પત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) નમુના નં.૬માં નોંધ નં.૨૮૧૦થી તા.૧૭–૨–૧૯૭૨નાં રોજ થયેલ. જે નોંધ ના.મામલતદાર, ચોર્યાસીએ તા.૩–૮–૧૯૭૨નાં રોજ પ્રમાણીત કરેલ. આમ, સદરહુ જમીન ગણોતધારા કલમ–૪૩ને આધીન સત્તા પ્રકારની (૧) દોલતરાય ગુલાબભાઈ (૨) ઠાકોરભાઈ ગુલાબભાઈ તથા (૩) બળવંતરાય ગુલાબભાઈની માલીકી, કબજાની ચાલી આવેલી. મજકુર જમીનનાં સંયુકત માલીકો પૈકી ઠાકોરભાઈ ગુલાબભાઈનું તા.૬–૨–૧૯૭૨નાં રોજ અપરણિત અને અપુત્રવાન અવસાન થયેલ હોય, જેથી મજકુર જમીનમાંથી તેમનું નામ કમી કરવામાં આવેલ. જે અંગેનાં ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે હકક પત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) નમુના નં.૬માં નોંધ નં.૩૨૩૭થી તા.૬–૧૦–૧૯૭૫નાં રોજ થયેલ. જે નોંધ સર્કલ ઓફીસર, અઠવાએ તા.૬–૧૧–૧૯૭૫નાં રોજ પ્રમાણીત કરેલ. આમ, સદરહુ જમીન ગણોતધારા કલમ–૪૩ને આધીન સત્તા પ્રકારની (૧) દોલતરાય ગુલાબભાઈ તથા (૨) બળવંતરાય ગુલાબભાઈની માલીકી, કબજાની ચાલી આવેલી.

મજકુર ગામે સરકારશ્રી દ્વારા એકત્રીકરણ યોજના અમલમાં આવતા સદરહુ રે.સ.નં.૧૨૧૯/૨ વાળી જમીનને બ્લોક નં.૧૧૬૨ પૈકી ૨ આપવામાં આવેલ. જે અંગેનાં ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે હકક પત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) નમુના નં.૬માં નોંધ નં.૪૩૩૦ થી તા.૯–૯–૧૯૮૩નાં રોજ થયેલ. જે નોંધ પ્રમાણીત થયેલ. મજકુર જમીનનાં સંયુકત માલીકો પૈકી દોલતરાય ગુલાબભાઈનુ તા.૨૦–૧૧–

Scanned by CamScanner

૨૦૦૧નાં રોજ અપરણિત અને અપુત્રવાન અવસાન થયેલ હોય, જેથી મજકુર જમીનમાંથી તેમનું નામ કમી કરવામાં આવેલ. જે અંગેનાં ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે હકક પત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) નમુના નં.૬માં નોંધ નં.૧૧૮૬૩થી તા. ૧૪–૫–૨૦૦૪નાં રોજ થયેલ. જે નોંધ ના.મામલતદાર, ચોર્યાસીએ તા.૨૧–૬–૨૦૦૪નાં રોજ પ્રમાણીત કરેલ. આમ, સદરહુ જમીન ગણોતધારા કલમ–૪૩ને આધીન સત્તા પ્રકારની બળવંતરાય ગુલાબભાઈની માલીકી, કબજાની ચાલી આવેલી. સદરહુ જમીન જે ગામે આવેલ છે, તે આખુ ગામ ચોર્યાસી તાલુકામાંથી પ્રાદેશીક ફેરફારની રૂએ નવાગામ તરીકે મહે.કલેકટર સાહેબના હુકમ તથા સરકારી જાહેરનામાની રૂએ સુરતસીટી તાલુકામા સમાવિષ્ટ કરવામાં આવેલ. જે અંગેના પ્રાદેશીક ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે હકક પત્રક નમુના નં.૬માં નોંધ નં.૧૨૪૦૯ થી તા.૨૨–૧૨–૨૦૦૬નાં રોજ તથા નોંધ નં.૧૨૪૧૦ થી તા.૨૨–૧૨– ૨૦૦૬નાં રોજ થયેલ. જે નોંધો પ્રમાણીત થયેલ.

મજકુર જમીન માલીક બળવંતરાય ગુલાબભાઈનું તા.૨૫–૧૨–૨૦૦૭નાં રોજ અવસાન થયેલ હોય, તેમણે તેમની હયાતીમાં તા.૯–૧૨–૨૦૦૫નાં રોજ કરેલ રજીસ્ટર્ડ વીલનો દસ્તાવેજ નં.૧૨૧૩૦ ની રૂએ સદરહુ બ્લોક નં.૧૧૬૨ પૈકી ૨ વાળી જમીનમાં (૧) સરોજબેન તે બળવંતભાઈ ઉર્ફે બલ્લુભાઈ ગુલાબભાઈની વિધવા (૨) નિતિનભાઈ બળવંતભાઈ (૩) હેમંતભાઈ બળવંતભાઈનાં નામો સદરહુ જમીનમાં વારસાઈ હકકથી માલીકો તરીકે દાખલ કરવામાં આવેલા. જે અંગેનાં ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે હકક પત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) નમુના નં.૬માં નોંધ નં. ૧૨૯૦૧થી તા.૧૬–૧૦–૨૦૦૯નાં રોજ થયેલ. જે નોંધ સર્કલ ઓફીસર, અડાજણએ તા.૫–૧–૨૦૧૦નાં રોજ પ્રમાણીત કરેલ. આમ, સદરહુ જમીન (૧) સરોજબેન તે બળવંતભાઈ ઉર્ફે બલ્લુભાઈ ગુલાબભાઈની વિધવા (૨) નિતિનભાઈ બળવંતભાઈ (૩) હેમંતભાઈ બળવંતભાઈની માલીકી, કબજા, ભોગવટાની ચાલી આવેલી.

મજકુર જમીનનાં સંયુકત માલીકો પૈકી સરોજબેન તે બળવંતભાઈ ઉર્ફે બલ્લુભાઈ ગુલાબભાઈની વિધવાનું તા.૩–૨–૨૦૧૬નાં રોજ અવસાન થયેલ હોય, જેથી તેમનાં સીધીલીટીનાં વારસદારોનાં નામો અગાઉથી સદર જમીનમાં ચાલી આવેલા હોય, જેથી મર્હુમ ગુજરનારનું નામ કમી કરવામાં આવેલ. જે અંગેનાં ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે હકક પત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) નમુના નં.૬માં નોંધ નં.૧૫૦૩૧ થી તા.૧૦–૬–૨૦૧૬નાં રોજ થયેલ. ત્યારબાદ મજકુર જમીન માલીકો નિતિનભાઈ બળવંતભાઈ વિગેરે પાસેથી સદરહુ ખેતીની જમીન (૧)

Scanned by CamScanner

હરસુખભાઈ પરસોત્તમભાઈ લાખાણી તથા (૨) કમલેશભાઈ પ્રેમજીભાઈ કપુરીયાએ રજી.વેચાણ દસ્તાવેજની રૂએ ખરીદ કરેલ અને માલીક બનેલા. જે અંગેનો રજી.વેચાણ દસ્તાવેજ મહે.રાંદેર(સુરત)નાં સબ–રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં.૭૭૨, તા.૧૯–૮–૨૦૧૬નાં રોજ નોંધાયેલ છે. જે અંગેનાં ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે હકક પત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) નમુના નં.૬માં નોંધ નં.૧૫૧૩૫ થી તા.૧૯–૮–૨૦૧૬નાં રોજ થયેલ. જે નોંધ સર્કલ ઓફીસર, અડાજણએ તા.૨૧–૯–૨૦૧૬નાં રોજ પ્રમાણીત કરેલ.

સદરહુ જમીન નવી શરતની ચાલી આવેલી, સદરહુ બ્લોક નં.૧૧૬૨ પૈકી ૨ વાળી જમીન, જે ટી.પી.સ્કીમ નં.૩૭, ફા.પ્લોટ નં.૪૯ વાળી કુલ સુમારે ૨૦૧૦ ચો.મી. જમીનને બિનખેતી રહેણાંકનાં હેતુમાટે જુની શરતમાં તબદીલ કરવા સારૂ અરજી કરતા, મહે. કલેકટરશ્રી, સુરતનાં હુકમ નં.: ગણત–૪/રી.રજી.નં.૨૧/૧૬/વશી.૪૨૮૫ થી ૪૨૯૫/૨૦૧૬,તા.૧૮–૭–૧૬ના રોજ હુકમથી પ્રિમીયમનીરકમ રૂા.૫૮,૨૯,૦૦૦/– પુરા ચલણ નં.૭૫/૧૬–૧૭થી તા.૨૩–૬–૨૦૧૬થી વસુલ કરીને સદરહુ જમીનને બિનખેતી રહેણાંકનાં હેતુમાટે જુની શરતમાં તબદીલ કરવામાં આવેલ છે. જે અંગેનાં ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે હકક પત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) નમુના નં.૬માં નોંધ નં.: ૧૫૧૩૪, તા.૧૬–૮–૨૦૧૬નાં રોજ થયેલ. સદરહુ જમીનને મહે.કલેકટરશ્રી, સુરતનાં હુકમ નં.: ગણત–૩/વાણિજય હુકમ/રજી.નં.૧૭/ ૧૬/વશી.૧૨૬૮/૧૬, તા.૯–૯–૨૦૧૬થી સદરહુ જમીનને બિનખેતી વાણિજયનાં હેતુમાટે સુધારા હુકમ કરવામાં આવેલ છે. જે અંગેનાં ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે હકક પત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) નમુના નં.૬માં નોંધ નં.: ૧૫૨૨૫, તા.૯–૧૧–૨૦૧૬નાં રોજ થયેલ. સદરહુ જમીનને મહે.કલેકટરશ્રી, સુરતનાં હુકમ નં.: એ/જમન/તતકાલ/બિનખેતી/એસ.આર.નં.૨૩૦/૧૬, યુ.આઈ.ડી.નં. ૩૧૧૯૬/વશી.૯૪૬ થી ૯૬૦/૨૦૧૭, તા.૨૦–૨–૨૦૧૭નાં હુકમથી વાણિજયનાં હેતુમાટે બિનખેતીની પરવાનગી આપવામાં આવેલ છે. જે અંગેનાં ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે હકક પત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) નમુના નં.૬માં નોંધ નં.: ૧૫૩૩૮, તા.૧૬–૩–૨૦૧૭ નાં રોજ થયેલ. સદરહુ જમીનમાં બાંધકામ અંગેનાં પ્લાન સુરતમહાનગરપાલીકાએ તેમનાં હુકમ નં.: ટી.ડી.ઓ./ડી.પી./નં.૪૬૪, તા. ૧૧–૧૨–૨૦૧૭નાં હુકમથી પ્લાન મંજુર કરીને વિકાસ પરવાનગી આપવામાં આવેલ.

મજકુર માલીકો (૧) હરસુખભાઈ પરસોત્તમભાઈ લાખાણી તથા (૨) કમલેશભાઈ પ્રેમજીભાઈ કપુરીયા વિગેરે પાસેથી સદરહુ બિનખેતીની જમીન નિર્વા ડેવલોપર્સની ભાગીદારી પેઢીએ રજી.વેચાણ દસ્તાવેજની રૂએ ખરીદ કરેલ અને માલીક બનેલા. જે અંગેનો

Scanned by CamScanner

રજી.વેચાણ દસ્તાવેજ મહે.કતારગામ(સુરત)નાં સબ–રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં.૨૮૫૯૯, તા.૨૦–૧૨–૨૦૧૭નાં રોજ નોંધાયેલ છે. આમ, ડીસ્ટ્રીકટ : સુરત, સબ–ડીસ્ટ્રીકટ તાલુકે : અડાજણ(સુરતસીટી)નાં મોજે: **વરીયાવ**નાં રે.સ.નં.૧૨૧૯/૨, **બ્લોક નંબર : ૧૧૬૨ પૈકી ૨** વાળી બિનખેતીની કુલ સુમારે ૩૦૯૨ ચો.મી. જમીન, જે ટી.પી.સ્કીમ નં.૩૭(વરીયાવ)નાં ફાયનલ પ્લોટ નં.૪૯ વાળી કુલ સુમારે ક્ષેત્રફળ ૨૦૧૦ ચો.મી. વાણિજય હેતુમાટેની બિનખેતીની જમીનના માલીક ***નિર્વા ડેવલોપર્સ***–એક ભાગીદારી પેઢીની માલીકી, કબજા, ભોગવટાની હોવાનુ પુરાવા આધારે ફલીત થાય છે.

સદરહુ જમીન અંગે સબ–રજીસ્ટ્રાર કચેરીમાં મેં સને–૨૦૦૧થી ૨૦૧૮ સુધીનાં વર્ષ માટે સર્ચ લીધેલ છે. જે સર્ચ અંગેનાં નાણા ભર્યાની સબ– રજીસ્ટ્રાર સાહેબની પાવતીઓ રજુ કરેલ છે. સબ–રજીસ્ટ્રાર કચેરીમાં કરવામાં આવેલ સર્ચ દરમ્યાન ઉપર ટાઈટલમાં દર્શાવેલ વિગત સિવાય અન્ય નોંધાયેલ હોય, તેવા કોઈ ચાર્જ, બોજો મારી તપાસમાં આવેલ નથી.

## <u>પ્રમાણપત્ર</u>

ડીસ્ટ્રીકટ : સુરત, સબ–ડીસ્ટ્રીકટ તાલુકે : અડાજણ(સુરતસીટી)નાં મોજે: **વરીયાવ**નાં રે.સ.નં.૧૨૧૯/૨, **બ્લોક નંબર : ૧૧૬૨ પૈકી ૨** વાળી બિનખેતીની કુલ સુમારે ૩૦૯૨ ચો.મી. જમીન, જે ટી.પી.સ્કીમ નં.૩૭(વરીયાવ)નાં ફાયનલ પ્લોટ નં.૪૯ વાળી કુલ સુમારે ક્ષેત્રફળ ૨૦૧૦ ચો.મી. વાણિજય હેતુમાટેની બિનખેતીની જમીન ઉપરોકત દર્શાવેલ વિગત મુજબનાં ટાઈટલવાળી છે.

સ્થળ : સુરત
તારીખ : ૨૩/૧/૨૦૧૮

BABULAL ASSOCIATES
Gitanjali, Opp. Jivandhara Hotel,
Varachha Road, Surat-395006.

BABULAL ASSOCIATES * LEGAL ADVISOR *

Scanned by CamScanner

અરજી પહોંચ

મેલ્કતનું વર્ણન 1162/2

Search in : વરીયાવ/VARIYAV

પહોંચ નંબર: ૨૦૧૮૦૨૧૦૦૪૦૩૬ અરજી નંબર: ૨૨૯૨ અરજી વર્ષ: ૨૦૧૮

તાઃ ૧૯ માહેઃ જાન્યુઆરી સનેઃ ૨૦૧૮

રજુ કરનારનું નામ સંજય ગોલકીયા

નીચે પ્રમાણે ફી પહોંચી

SEAL OF THE SUB REGISTRAR સુરત-૪ (કતારગામ) SURAT-4 (KATARGAM)

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટેશન ફી....... | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો....... | ૦ |
| શેરોની નકલ કરવા માટે ફી....... | |
| ટપાલ ખર્ચ....... | ૦ |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )....... | ૧૦૦ |
| શોધ અગર તપાસણી....... Year : ૨૦૦૧ ૨૦૧૮ | |
| દંડ કલમ-૨૫....... | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )....... | ૦ |
| નકલ ફી ફોલીયો....... | |
| ઈન્ડેક્ષ-૨ ફી ....... | |
| આ સિવાયની બાબતોની ફી | |

| કુલ એકંદરે રૂ. | ૧૦૦ |
|---|---|

અંકે રૂપીયા એકસો પુરા.

દસ્તાવેજ ............ ના દિવસે તૈયાર થશે અને નકલ

તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં ............ આવશે. કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

( M B Sindha )
સબ રજીસ્ટ્રાર
SRT/4/KTG

IGR-NIC 7363250817327399505 ૧૯/૧/૨૦૧૮ ૧:૧૧:૩૧ pm

Scanned by CamScanner